સપ્ટેમ્બર-૨૦૨૩

અંક - ૫૨

# અરૂણોદય


સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


## અનુક્રમણિકા


- तिरंगा
- ક્યારેક વિચાર આવે કે....
- ત્યારે શું કરીશું ?
- *Children Learn What They Live*
- योग की महत्ता !
- શીખવું અને જાણવું એ સાચા અર્થમાં...
- અપના હાથ જગન્નાથ
- મત છે મારો..
- *Photography*
- શાળાની પ્રવૃત્તિઓ





ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' સપ્ટેમ્બર- ૨૦૨૩ ,અંક-પર ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# तिरंगा



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

मेरा तिरंगा मेरी शान
राष्ट्रकी हे वो पहेचान
भारत माता का अभिमान
रहे हंमेशा लहेराता
तरंगो में आझादीकी
मन्थन हे ये शहीदोका
हाथ तिरंगा प्राण न्योछावर
नही झुका हरहाल तिरंगा





# ક્યારેક વિચાર આવે કે....



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ઈશ્વરે માનવને આપેલ અનમોલ બક્ષિસ એટલે બુધ્ધિ. દરેક વ્યક્તિ પોતાની હોશિયારી , કાબેલિયત , કૌશલ્ય અને આજીવિકા મેળવવામાં આ બુધ્ધિનો ઉપયોગ કરે છે. કોઈપણ જાતનું ભાડું વસૂલ કર્યા વગર આ બુધ્ધિનો ખજાનો ઈશ્વરે આપણને આપ્યો છે.

ક્યારેક એ વિચાર આવે કે **ખરેખર ઈશ્વર આપણને કેટલો બધો પ્રેમ કરે છે.** બીજા બધા કદાચ તરછોડે પણ ઈશ્વર કદી  સાથ નથી  છોડતો. કેટકેટલા ગુનાઓ આપણાંથી થતાં હશે છતાં પણ આપણને માફ કરતો રહેલો છે.

આપણે ન માંગ્યુ છતાં અઢળક  આપણને ઈશ્વરે આપ્યું. યાદી બનાવવા બેસીએ તો  અંત ન આવે. છતાં આપણે તેમની સમક્ષ ફરિયાદ કરતાં રહેલા છીએ. ઘણીવાર એવો વિચાર આવે કે આપણે યોગ્યતા કે કાબેલિયત ન હોવા છતાં ઘણુ બધુ મળ્યું એમાં ઈશ્વરની કૃપા સિવાય બીજું કાંઈ ન હોઈ શકે.

માનવજાતનો  ડોળો  હંમેશા વેપારી જેવો રહ્યો છે. ફાયદાવાદી દ્રષ્ટિકોણ ધરાવવા વાળા આપણે શું ઈશ્વરનું ઋણ ચૂકવી શકવાના ? **ચાર્તુમાસમાં ઈશ્વર સૂઈ જાય** અને જે કાંઈ અઢળક મોલ પાકે તેમાં પોતે યશ ન લેતાં ખેડુતને યશ આપે. તારી મહેનત રંગ લાવી એમ કહી ઈશ્વર માનવને શાબાશી આપે.

કામ કરતી વખતે સતત જાગતા રહેવું અને ફળ આવે ત્યારે અજાણ્યા બની સૂઈ જવું - આનાથી મોટી દિલની વિશાળતા ઈશ્વરની બીજી કઈ હોઈ શકે ?

આપણા માટે સૃષ્ટિમાં ઈશ્વરે કેટકેટલું સર્જન કર્યુ છે પણ ફક્ત ભૈતિક નજરે જોવા વાળા આપણે ઈશ્વરની શક્તિને શું માપી શકવાના ?

ક્યારેક એવો વિચાર પણ જરૂર આવે છે કે જ્યારે જ્યારે  માનવ ઈશ્વરે આપેલી બુધ્ધિનો અયોગ્ય માર્ગે ઉપયોગ કરે છે ત્યારે ઈશ્વર પણ **' હું તારાથી વિશેષ છુ '** એવું દર્શન જરૂર કરાવે છે. માનવ ભલેને ગમે એટલો બુધ્ધિશાળી બને, અધતન બને, છતાં ઈશ્વર સામે તે વામણો સાબિત થાય છે. ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારવું એમાં જ  આપણું શ્રેય છે. પછી તે વાવાઝોડું હોય , પૂર હોય કે અન્ય કોઈ કુદરતી

આફત હોય. દરેકમાં ઈશ્વરની શક્તિ નો માનવને અહેસાસ  થયા વગર રહેતો નથી. આપણે પણ તકસાધુ છીએ તકલીફમાં યાદ કરીએ પછી ભૂલી જઈએ. વર્ષાઋતુમાં ખીલેલા કુદરતી સૌદર્યને નિહાળવાની દૃષ્ટિ વ્યસ્ત માનવ ના માનસિક થાકની દવા છે. ઈશ્વરને આ માટે કેટકેટલા thank you કહેવા અક્કલ કામ નથી કરતી. ખરેખર આ પંક્તિમાં સાચું જ ગવાયું છે :

" માનવ થઈ ને વિચારો

પ્રભુના અનંત છે ઉપકારો

પ્રભુના અનંત છે ઉપકારો"



# ત્યારે શું કરીશું ?



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

જીભ થોથવાશે ને હાંફ ચડશે ત્યારે શું કરીશું ?
સંભળાશે ઓછું ને ઓછું ભળાશે ત્યારે શું કરીશું ?
નહીં રહે જુવાનીનું આ જોશ જ્યારે સાંજ ઢળશે
ડગલેને પગલે હાથ ટેકો માંગશે ત્યારે શું કરીશું ?
હતો ઢાળ ત્યારે ખૂબ દોડ્યા ને સામા પ્રવાહે પણ તર્યા
વળતાં પાણી શરૂ થશે ને થાક લાગશે ત્યારે શું કરીશું ?
જીભના ચટાકા પૂરા કર્યા ને સોળે શણગાર સજ્યા
અન્ન મોળા થશે ને વાળ ધોળા થશે ત્યારે શું કરીશું ?
સ્વપ્ન પૂરા કરવા રાતો ના રાતો ઉજાગરા કર્યા
સ્વપ્ન દૂર ભાગશે ને આંખુ નિંદર માંગશે ત્યારે શું કરીશું ?
દેહનો ભરોસો નથી એવું દિ માં પાંચ વાર બોલીએ છીએ
હકીકતમાં અંતિમ ઘડી આવશે ત્યારે શું કરીશું ?





Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

ડોરોથી લો નોલ્ટ (Dorothy law Nolte) દ્વારા લખવામાં આવેલ poam - 'children learn what they live'નો ગુજરાતી ભાષામાં અનુવાદ.




બાળક ટીકાઓ સાથે ઊછરે
તો તે નિંદા કરતા શીખે.
બાળક ધિક્કાર સાથે ઊછરે
તો તે ઝઘડા કરતા શીખે.
બાળક ઠેકડી સાથે ઊછરે
તો તે શરમાળ થતાં શીખે
બાળક અપમાન સાથે ઊછરે
તો તે અપરાધભાવ અનુભવવાનું શીખે
બાળક સહિષ્ણુતા સાથે ઊછરે
તો તે સહનશીલતાનો ગુણ કેળવશે.
બાળક પ્રશંસા સાથે ઊછરે
તો તે કદર કરતા શીખશે.
બાળક ઉચિત વ્યવહાર સાથે ઊછરે
તો તે ન્યાયી વલણ અપનાવતા શીખશે
બાળક સલામતી સાથે ઊછરે
તો તે શ્રદ્ધા કેળવતા શીખશે.
બાળક સ્વીકૃતિ સાથે ઊછરે
તો તે સ્વ આદર કરતા શીખશે.
બાળક મૈત્રીભરી રીતે ઉછરે
તો તે વિશ્વમાં પ્રેમની ખોજ કરતા શીખશે.



# योग की महत्ता !





***Puneet Singh***
**Overman,**
**Umarsar Lignite Project**



योग की महत्ता समझाती है , ये कविता,
जो हम सब मे भर देगी ज्ञान की सरिता |
योग से नही होता केवल शरिर हमारा स्वस्थ ,
बल्कि मन भी होता है हमारा सुखी और तंदुरस्त |
योग से दूर होती है , हमारी मानसिक तनाव भी ,
जिससे हमारी रुह भी बनती है प्रशांत और मस्त |
योग से बढती है , हमारी शक्ति और उर्जा ,
जिससे मिलती है हमे , हमारे हर कार्य मे सुरक्षा |
योग से मिलती है हमे अनंत खुशियों की बौछार ,
जो हमे बनाती है स्वस्थ , समृध्ध और खुशहाल |
अंत : मै कहता हुँ, जो कोइ योग को अपने जीवन मे अपनाएगा ,
वह आज से , अभी से सुखी ,समृध्ध , स्वस्थ और सुरक्षित जिवन बिताएगा |









# શીખવું અને જાણવું એ સાચા અર્થમાં...



**વી.જી.રાઠોડ**
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

સામાન્ય રીતે આપણે 'શીખવું' અને 'જાણવું' એ બન્નેનો સામાન્ય સમાનાર્થી અર્થમાં પ્રયોગ કરીએ છીએ. પરંતુ આ બંને શબ્દોમાં ઘણું અંતર છે. જ્યારે આપણે વિષય કે બાબતની માહિતી કે જ્ઞાનનો સંગ્રહ કરીને તેનો ઉપયોગ વ્યવહારમાં કરીએ છીએ. આમ આપણે વ્યવહારમાં ઉપયોગ કરવા માટે જ્ઞાન મેળવીએ છીએ , એકત્રિત કરીએ છીએ. આપણું આ જ્ઞાન સંગ્રહ કરી શકાય તેવું છે,તેમાં વધારો કરી શકાય તેવું છે. આમ આપણું મન આમ પ્રાપ્ત કરવામાં રોકાયેલું હોય, વધારો કરવામાં રોકાયેલું કે મેળવવામાં વ્યસ્ત હોય ત્યારે શું એ શીખતું હોય છે ? આ વધારો કરવાની જે પ્રક્રિયાને આપણે શીખવું કહીએ છીએ તે શીખવું છે જ નહી તે માત્ર સ્મૃતિની કેળવણી છે કે જે યાંત્રિક બની જાય છે. અને જે મન મશીનની જેમ યાંત્રિકપણે કાર્ય કરે છે તે શીખવા માટે સક્ષમ નથી.

'શીખવું' એ તો તદ્દન જુદી બાબત છે જે મન શીખતું હોય તે ક્યારેય એમ નથી કહેતું કે 'હું' જાણું છું. કારણકે જ્ઞાન હમેંશા આંશિક હોય છે. જ્યારે શીખવું હમેંશા દરેક બાબતે પૂરેપૂરુ હોય છે. શીખવાનું કયારેય સંગ્રહ કરી શકાય તેવું નથી હોતું ; શીખવું એ તો જાણવાની એવી ગતિ છે કે જેમાં શરૂઆત કે અંત જેવું કાંઇ નથી . જ્ઞાન મેળવવામાં આવે છે , જ્યારે શીખવાનુંએ સતત ચાલતી પ્રક્રિયા છે.

જે મન શીખે છે તે એક નિર્દોષ મન છે , જ્યારે જ્ઞાન સંપાદન કરતું મન ભૂતકાળથી બંધાયેલું મન છે. નિર્દોષ મન સંગ્રહ કર્યા વગર બધો વખત શીખતુ રહે છે,અને એક માત્ર આવું મન જ પરિપકવ મન છે.



# "અપના હાથ જગન્નાથ"

પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

**સખત પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી.** જેણે પોતાના જીવનમાં શ્રમને અગ્ર સ્થાન આપ્યું છે તેવા લોકો કદી હિંમત હારતાં નથી. વળી આવા લોકો ક્યારેય પોતાની શ્રીમંતાઇનું પ્રદર્શન પણ કરતાં નથી. શ્રમને સાચા અર્થમાં જેણે ચરિતાર્થ કર્યો હોય તેવો એક નાનકડો પ્રસંગ સમજવા જેવો છે.

બંગાળના એક **નાનકડા ગામના સ્ટેશન પર ટ્રેન આવી** અને ઊભી રહી.

ગાડી માંથી એક આધુનિક વસ્ત્ર પરિધાન કરેલ યુવક ઊતર્યો . તેણે સૂટ ટાઇ પહેર્યા હતાં. તો વળી બૂટતો ચમચમતા પોલીસ કરેલા હતાં. તેના માથે હેટ હતી, ચહેરા પર જાણે વિદેશથી આવ્યો હોય તેવા ભાવ હતા અને તે કુલી કુલી એવી બૂમો પાડતો હતો. તેના પગ પાસે એક નાની સૂટકેસ અને એક નાનો બિસ્ત્રો હતો. આજુબાજુમાં કોઇ ન દેખાતાં ફરીથી તે યુવાન જોરથી **'કુલી કુલી'** ની બૂમો પાડવા લાગ્યો.

એટલામાં સાદા સ્વચ્છ કપડામાં એક વ્યક્તિ આવી અને તેણે આ યુવક પાસે પડેલી નાની સૂટકેસ એક હાથે ઊપાડી અને બીજા હાથે બિસ્ત્રો લઇ બગલમાં દબાવ્યો. યુવાનને લાગ્યું કે આ વ્યક્તિ જ કુલી છે. તેથી તે કહેકે, **તમે લોકો કેટલા આળસુ ને સુસ્ત છો.** હું કેટલા સમયથી અહીં 'કુલી કુલી' ની બૂમો પાડુ છું તે નથી સંભળાતી ?

આ વ્યક્તિએ કોઈપણ જાતનો પ્રત્યુતર આપ્યો નહિ અને આ યુવાનની પાછળ પાછળ ચાલવા લાગ્યો. ઘર આવ્યું એટલે આ વ્યક્તિએ બધો **સામાન ઘરના ઓટલા પર મૂકી દિધો** ને તે ચાલવા લાગ્યો. યુવાન પાકીટ માંથી પૈસા કાઢી ને આપેતે પહેલાં તે કુલી ધન્યવાદ કહી ચાલતો થાય છે. એ દૃશ્ય આ યુવાનના ઘર માંથી બહાર નીકળતા તેના મોટા ભાઈએ જોયું અને તે વ્યક્તિને વિનય પૂર્વક નમસ્તે કહીને , અરે આપ! એટલું જ કહયું.

યુવકને કાંઇ સમજ ન પડી તેના મોટાભાઈએ ઘસ્ફોટ કરતાં કહ્યું કે તું **જેને કુલી સમજતો હતો તે વ્યક્તિ બંગાળના મહાપુરૂષ ઈશ્વરચંદ્ર વિધાસાગર હતા.** તે યુવાન દોટ મૂકી તેમના પગે પડે છે અને માફી માંગે છે.

ઈશ્વરચંદ્રએ કહયું ભાઇ , મારી માફી માંગવાની જરૂર નથી. આપણે સૌ ભારતવાસી છીએ. આપણો દેશ હજુ સમૃધ્ધ  થયો નથી. તેથી આપણે આપણાં કામ જાતે કરી લેવા જોઈએ. સમૃધ્ધ દેશોમાં પણ પોતાનું કામ પોતે કરવું તે ગૌરવની વાત ગણાય છે.

**શ્રમ કરવામાં શરમ શેની !** વળી કોઇ કામ નાનું નથી કે કોઈ કામ હલકું નથી. શ્રી વિધાસાગરે ‘અપના હાથ જગન્નાથ ’ ઊક્તિ પોતાના જીવનમાં ચરીતાર્થ કરી.



# મત છે મારો..



વિધાન કર્તવ્યકુમાર રાજગોર
ધોરણ-૫

મત છે મારો , આ જગતને , આ વડને ના કાપો,
દેવ સમાન છે આ વૃક્ષ , તેની મર્યાદા રાખો.
વડ સહિત બીજા વૃક્ષો , આવે ઘણા કામ ,
ના સમજો તેમને નકામાં , નહી તો પળમાં થશે નાશ.
આ ધરતી લાગશે આપણને એક શૂળ જેવી ,
વૃક્ષોને કાપ્યાં તો સમજો , વરસાદ નહીં આપે સાદ.
ભાઈઓ મારા, એક બીજો મત છે મારો,
વૃક્ષોને નહીં વાવો તો , સૂરજની ગરમી દેશે ડામ.
વૃક્ષોનાં જંગલ રહયાં નથી , બન્ય કોંક્રિટનાં જંગલ,
માનવજાત સામે જંગ ખેલે છે, વૃક્ષોનું અસ્તિત્વ.












**Bina D. Bhatt**
**Sec. School Teacher**

## Photography




નવી સવાર, નવા રંગ સાથે,
સૂરજની માફક તેજોમય,
નવી મોજ સાથે , નવી દિશા આપતી આજ ની નારી.
ઉગતા સૂર્યની જેમ જગત ને પ્રકાશિત કરવા અને
આથમતા સૂર્ય ની જેમ આ જગતને એક અનુભવ
આપવા નીકળેલી એક નારી.મારા અને મારા પરિવાર
વતી સર્વે ને મારા વંદે માતરમ્.



# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા





**હિરલ ડી. રાઠોડ**
**ધોરણ- ૯**











**ધ્રુવી જે. જોષી**
**ધોરણ- ૯**






**વિતાંક્ષા વી. રાઠોડ**
**ધોરણ-૩**
















**કૃપાલી એ. લોદરીયા**
**ધોરણ- ૯**





વિધાન કર્તવ્યકુમાર રાજગોર
ધોરણ-૫



અપેક્ષા વી. રાજગોર
ધોરણ- ૯





## વોલીબોલ સ્પર્ધા











## ક્રિકેટ સ્પર્ધા













अमृत
कलश
यात्रा
GMDC
FUELING THE GROWTH
Azadi Ka Amrit Mahotsav
G20
मेरी माटी मेरा देश
मिट्टी को नमन, वीरों का वंदन
S.K.V. Vidhyalaya · Varmanagar




# સ્વાતંત્ર્યદિનની ઉજવણી